## વડીલોને વંદન અભિનંદન



દશરથલાલ એમ. પરમાર (૧૯૪૬)મો.૯૫૭૪૧૨૨૦૨૩

## ગુજરાત રાજ્ય પેન્શનર સમાજના પ્રમુખપદે શિવપ્રસાદ જોષી

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત રાજ્ય પેન્શનર સમાજના પ્રમુખપદેથી ડી.જે. શુકલ નિવૃત્ત થતા તેમના અનુગામી તરીકે શિવપ્રસાદ એમ. જોષીની વરણી કરવામાં આવી છે. મહામંત્રી પદે બળદેવભાઈ પટેલની વરણી કરવામાં આવી છે. પ્રમુખ પદેથી નિવૃત્ત થઈ રહેલા ડી.જે. શુકલનો રાજ્યના જિલ્લા તાલુકાના નિવૃત્ત કર્મચારીઓની મંડળી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પી.કે.લહેરીએ તેમના પ્રાથમિક ઉદ્‌બોધનમાં પેન્શનરોને સમાજસેવા-દેશસેવામાં યોગદાન આપવા અનુરોધ કરાયો હતો.

## હિંમતનગરમાં નિઃશુલ્ક સ્તન નિદાન કેમ્પ યોજાયો

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં રવિવારે પરખ સંસ્થાના સહયોગથી નિઃશુલ્ક સ્તન નિદાન કેમ્પ આંબાવાડી ખાતે આવેલ કચ્છી સમાજવાડી ખાતે યોજાયુંહતું જેનુંપરખ સંસ્થાના કુ. કૌશલ્યાકુંવરબા, સુરેશભાઈ પટેલ, ગૌરાંગ શાહ, નિષ્ણાત ડૉ. ભાવનાબેન પરીખે દીપ પ્રગટાવી ખુલ્લો મુકયો હતો. સવારે ૧૧ થી સાંજે ૬ દરમિયાન યોજાયેલા આ કેમ્પમાં ડૉ. ભાવના પરીખે સ્તન કેન્સર કેમ અને કેવી રીતે થાય છે તે વિષે બે કલાક સ્લાઈડ દ્વારા રજુ કરી માર્ગદર્શન આપ્યુંહતુંઅને ત્યાર બાદ ૧૧૬ મહિલાઓને મેડીકલ તપાસ કરી હતી. આ અંગે પરખ સંસ્થાના કુ. કૌશલ્યાકુંવરબાએ જણાવેલ કે મેડીકલ તપાસ કરવામાં આવેલ મહિલાઓ પૈકી ૧૦૦ જેટલી મહિલાઓને મેમોગ્રાફી કરવાની તબીબે સલાહ આપી છે જે સવલત પણ પરખ સંસ્થા દ્વારા આગામી ટૂંક સમયમાં કરવામાં આવશે.

# સ્માર્ટ સીટી માટે આંતરમાળખાકીય સુવિધા ઉભી કરાયા બાદ સ્વચ્છતા જાળવવી પડશે

ગાંધીનગર, તા.૧૨

સ્માર્ટ સીટીના નિર્માણ માટે આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવ્યા બાદ જો કોઈ વ્યકિત ગંદકી કરશે તો દંડ વસુલવા માટેની જોગવાઈ દાખલ કરવાની સક્રિય વિચારણા કેન્દ્ર સરકાર કરી રહ્યું હોવાનું કેન્દ્રના શહેરી વિકાસ મંત્રી નાયડુએ જણાવ્યું હતું.

દેશમાં નવી પેઢી માટે સ્માર્ટ સીટીની કલ્પના માટે આજે ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે ગઈ કાલથી શરુ થયેલા વાઈબ્રન્ટ સમિટ અંતગર્ત યોજાયેલ સેમિનારને સંબોધતા કેન્દ્ર સરકારના શહેરી વિકાસ મંત્રી એમ. વૈંકેયા નાયડુએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા દેશના વિવિધ રાજયોમાં પાયલોટ પ્રોજેકટ તરીકે ૧૦૦ સ્માર્ટ સિટી બનાવવા માટેની એક કાર્યયોજના ઘડી કાઢવામાં આવી છે. આ માટે કેન્દ્રના શહેરી વિકાસ વિભાગ દ્વારા એક દરખાસ્ત તૈયાર કરી દેવામાં આવી છે અને તેને ટૂંક સમયમાં આખરી કરીને આ માટે આગામી બજેટમાં બજેટ જોગવાઈ કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે સ્માર્ટ સીટી બનાવવા માટે રાજયો સાથે પરામર્શ કરવામાં આવશે. રાજયો દ્વારા રજુ કરવામાં આવતા વિચારો અને તેમના આઈડીયાને ધ્યાને રાખીને સ્માર્ટ સીટી બનાવવા માટે નો પ્લાન તૈયાર કરાશે. સ્માર્ટ સીટી પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડથી બનાવવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે સ્માર્ટ સીટી માટે ડીપીઆરનું પ્રોવીઝન કરવામાં આવશે અને ૨૦૧૫-૧૬નાં બજેટમાં ગેપફન્ડીંગ પણ આ પ્રોજેકટ માટે રાજયોને અપાશે.

તેમણે એવો પણ નિર્દેશ આપ્યો હતો કે સ્માર્ટ સીટી બનાવવા માટે આંતર માળખાકીય સુવિધા ઉભી કરવામાં આવ્યા બાદ જો લોકો દ્વારા સ્વચ્છતા રાખવામાં નહીં આવે તો ગંદકી કરનાર સામે દંડ કરવા માટેની જોગવાઈ કરવાની સક્રિય વિચારણા કરવામાં આવી રહી છે.




(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહ્મા યુવા કલબ દ્વારા પતંગ વિતરણ કરાયા

ખેડબ્રહ્મા ખાતે રવિવારે લક્ષ્મીપુરા રોડ પર આવે યુવા હોલ ખાતે કોલેજ વિસ્તારના બાળકોને ઉત્તરાયણ નિમિત્તે પતંગ, ચીકી, તલના લાડુ કચરીયું અને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે સુમનભાઈ ભીખાભાઈ પટેલ પરિવાર તરફથી બાળકો માટે મીઠાઈ અને કચરીયાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રસંગે બ્રિજેશ બારોટ, પલ્લવ રાવલ સહિત મોટી સંખ્યામાં યુવાના કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતાં.

## કુડાસણમાં યુવાને ઝેરી દવા પી લીધી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના કુડાસણ ખાતે રહેતા યુવાને આજે પોતાના જ ઘરમાં અગમ્ય કારણસોર ઝેરી ગોળીઓ પી લેતા તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ગાંધીનગર શહેરના કુડાસણ સ્થિત રાધે બંગ્લોના મકાન નં.૨૨માં રહેતા દિપેન અમૃતલાલ ફળદુએ અગમ્ય કારણોસર ટાઈકા નામની ગોળી (દવા) ખાઈ લીધી હતી આથી પરિવારજનો તાબડતોબ બેભાન હાલતમાં ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં લાવ્યા હતા જયાં યુવકની હાલત વધુ ગંભીર જણાતા તેને એપોલો હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જો કે હજુ સુધી દવા કયા કારણોસર યુવકે પીધી છે તેનું કારણ જાણવા મળ્યું નથી. આ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલમાં ક્રાફ્ટ સ્પર્ધા યોજાઈ

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠાના હિંમતનગર મુકામે મદ્રેસા હાઈસ્કૂલમાં પ્રાથમિક વિભાગમાં ક્રાફ્ટ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વર્ગ દિઠ ચાર ચાર ના બે ગ્રુપ પ્રમાણે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પોતાના કક્ષા પ્રમાણે અલગ-અલગ ક્રાફ્ટના સુંદર નમુના બનાવ્યા હતા. ધોરણ મુજબ હે નંબર આપી વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી શાળા પરિવારજનોએ પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં આચાર્ય યાસ્મીનબેન, શમીમબેન, મુમતાજબેન વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા બાયપાસ રોડ પર એક્ટીવા અને ઈનોવા વચ્ચે અકસ્માત

(જય અમીન દ્વારા) મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લાનુ નિર્માણ થયા પછી વાહનોની અવર-જવર જ માત્રામાં વધી ગઈ હોવાથી નાના-મોટા અકસ્માતની શૃખલાની હાળમાળા સર્જાઈ હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. મોડાસા શહેરમાં બાયપાસ રોડ ઉપર બેફામ ગતીએ પસાર થતા વાહનોએ અત્યાર સુધી કેટલાય લોકોનો ભોગ લીધો છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં રહેલા મુસ્લીમ દંપતિ આજે રવિવાર હોવાના કારણે આજે સાંજના સમયે જમવા માટે માલપુર રોડ ઉપર આવેલી આમંત્રણ હોટલ ગયા હતા. જયાંથી પોતાનું જમવાનુ પૂર્ણ કરી પોતાની એક્ટીવા નં. જીજે૯૨૯૪૭ લઈને પોતાના પરિવાર સાથે મોડાસા તરફ આવી રહ્યા હતા ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે અને ગફલતરીતે હંકારી એક્ટીવાને ટક્કર મારતાં એક્ટીવા ચાલક આરીફ બાકરોલીયા (ઉં.વ.૩૫)ને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જયારે એક્ટીવા પર સવાર તેમના પુત્ર અરમાન આરીફ બાકરોલીયા (ઉં.વ.૬) ને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક ઈમરજન્સી સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા છે. જયારે તેમના પત્નિ પરવીના આરીફ બાકરોલીયા (ઉં.વ.૩૨) ને પગના ભાગે ફેક્ચર થતા મોડાસા શહેરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરેલ છે. અકસ્માતની જાણ મુસ્લીમ વિસ્તારમાં થતા મોડાસાની ખાનગી હોસ્પિટલ આગળ ટોળે ટોળા જામીગયા હતા. તેમજ આવી રીતે બેફામ ગાડી હંકારી લોકોને જીવલેણ અકસ્માત પહોંચાડતા વાહનચાલકોને આકરી સજા થવી જોઈએ તેવી માંગ કરતા નજરે જોવા મળ્યા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પાલનપુરમાં સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિની ઉજવણી કરાઈ

સ્વામી વિવેકાનંદજીની ૧૫૩મી જન્મ જયંતિ નિમિત્તે આજે પાલનપુર સહિત બનાસકાંઠા જિલ્લાભરમાં ઉજવણી કરવામાં આવી હતી. પાલનપુર ખાતે આજે વહેલી સવારે વિવેકાનંદ કેન્દ્ર, પાલનપુર તથા વિવેકાનંદ યુવા મહિલા શક્તિ કેન્દ્ર બનાસકાંઠા તથા શહેરની સામાજીક સંસ્થાઓ, રાજકીય પક્ષના અગ્રણીઓ તેમજ યુવાન ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહી સ્વામીજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી હતી. અને ત્યારબાદ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ ભારત અભિયાનને આગળ ધપાવવા યુવાન ભાઈઓ-બહેનોએ દિલ્હીગેટથી સીમલાગેટ સુધીના રોડ પર સફાઈ ઝુંબેશ હાથ ધરી હતી અને રસ્તાઓ પર સફાઈ કરી હતી. આ કાર્યક્રમમાં માર્ગદર્શક ગણપતભાઈ જોષી, ગૌરાંગ પંડ્યા, નિશાબેન સોની, વિગેરે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.




(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા શહેરમાં શામળાજી રોડ પર આવેલ પવન ઓટો એજન્સીના ઓથો ડીલર દ્વારા સેફટી રાઈડ વિકનું આયોજન રાખવામાં આવ્યું છે. જેના કારણે કંપનીએ દર્શાવ્યું કે હીરો બાઈક અથવા તો બાઈક ચાલકને અકસ્માતથી બચવા અને હીરો બાઈકના ગ્રાહકની સંભાળ રાખવા કંપનીના ઓથો ડીલર દ્વરા સેફટી રાઈડનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમ મોડાસા શહેરના સમગ્ર ભીડ ભાડ વાળા વિસ્તારો અને જયાં અકસ્માતો વધુ પડતા થતા હોય છે અને ગ્રાહકોને જાન માલનું નુકશાન થતું અટકાવા માટે આ કાર્યક્રમ હીરો કંપનીના શો રૂમ દ્વારા રાખવામાં આવેલ છે. આજ રીતે સરકાર દરેક કંપની પાસે આવા કાર્યક્રમો દરેક શહેરોમાં કરાવે તો ચોકકસ ટુ વ્હીલરના ગ્રાહકો બચી શકે તે નક્કી વાત છે. આ શો રૂમના માલિક નરોત્તમભાઈ પટેલ (મામા) અને નિકુંજ પટેલ, ધીરજ પટેલ તથા હીરો એજન્સીના સ્ટાફ વર્તુળે આવા બાઈક સ્ટંટ કાર્યક્રમો કોલેજો તથા મોડાસાના ચાર રસ્તા તથા અન્ય જગ્યાએ બતાવી ટુ વ્હીલર ગ્રાહકને કેવી રીતે બાઈક ચલાવવી અને સારસંભાળ રાખવી તેવું બતાવી હીરો કંપનીએ તેના ગ્રાહકોના દિલ જીતી લીધા હતા અને બાઈક ચલાવવાનું જ્ઞાન આપ્યું હતું.

## શબ્દાવલી - ૫૬૧૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ■ | ૪ | ૫ |
| | ■ | ૬ | | ૭ | ૮ | ■ | |
| ૯ | ૧૦ | | ■ | ૧૧ | | ૧૨ | |
| ■ | | ■ | ૧૩ | ■ | ■ | | ■ |
| ૧૪ | | | | ■ | ૧૫ | | ૧૬ |
| ■ | ■ | ■ | ૧૭ | | ■ | ૧૮ | |
| ૧૯ | ૨૦ | ૨૧ | | ■ | ૨૨ | ■ | |
| ૨૩ | | | | ■ | ૨૪ | | |

### આડી ચાવી

૧. એક રાજસ્થાની વાનગી(૪)
૪. 'સાંજ' શબ્દ ઊંધો (૨)
૬. રામકથા રામચરિત્રનું નાટક (૪)
૯. નક્કી કરેલ (૩)
૧૧. એક સુગંધીફુલ જે રાત્રે ખુબ સુગંધ આપે (૪)
૧૪. એક ઋતુ જેમાં પાંદડા ખરી જાય (૪)
૧૫. માણસને દાટવામાં આવે તે જગ્યા (૩)
૧૭. જંગલ, રાન (૨)
૧૮. રોસ, ગુસ્સો (૨)
૧૯. ડંફાસ, હોંશિયારી મારવી તે (૪)
૨૩. 'સરાસરી' શબ્દ આડોઅવળો (૪)
૨૪. એક વાદ્ય (૩)

### ઊભી ચાવી

૧. વીજળી (૩)
૨. જાન, વરઘોડો (૩)
૩. પાર્ટી, જૂથ, ટુલ્લી (૨)
૫. ઊંટડી (૩)
૭. ચીંથરા (૨)
૮. પાટુ મારવું, ... મારવી(૨)
૧૦. એતબાર, વિશ્વાસ (૩)
૧૨. એક ફળ (૪)
૧૩. ગુજારો, પાલના કરવી (૫)
૧૬. રસથી ભરપૂર (૪)
૧૯. માછલી તે અંગ્રેજીમાં.... કહેવાય (૨)
૨૦. ... માટે શ્રાવક થવું (૨)
૨૧. મૈત્રી, દોસ્તી (૨)
૨૨. ફાંસો દઇ મારી નાખવાની શિક્ષા(૨)

### શબ્દાવલી ૫૬૧૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) શુપર્ણખા (૪) કછોટો (૭) રફ (૮) રંગાટી (૯) વોરંટ (૧૧) રકાબી (૧૩) ડીકો (૧૫) તાળી (૧૬) રળીયામણી (૧૮) જીમી (૨૦) મરીયા (૨૧) આનાકાની (૨૪) ઉદાસ (૨૫) જક

**ઊભી ચાવી :-** (૧) શુરવીરતા (૨) પફ (૩) ખારવો (૪) કરંટ (૫) છોગા (૬) ટોટી (૧૦) રંગોળી (૧૨) કાળીજીરી (૧૩) ડીમ (૧૪) મજા (૧૭) યાતના (૧૯) મીયાઉ (૨૦) મજા (૨૧) આસ (૨૨) કાજ (૨૩) નીક

## પેન્શનરોને ઓળખકાર્ડ માટે માંગણી

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત રાજ્ય પેન્શનર્સ સમાજ દ્વારા રાજ્યના પેન્શનરોને ઓળખ કાર્ડ આપવા માંગણી કરવામાં આવી છે. જેમ સામાન્ય નાગરીકો માટે રેશનકાર્ડ, પાનકાર્ડ, ચૂંટણી કાર્ડ અને આધાર કાર્ડ જેવા તેમજ સિનિયર સિટીઝનો માટે સિનિયર સિટીઝન કાર્ડ ઉપલબ્ધ છે તેજ રીતે પેન્શનરો માટે જિલ્લા તિજોરી અધિકારી મારફતે ઓળખકાર્ડ ઈશ્યુ કરાય તો પેન્શનરો માટે ખૂબ જ લાભદાયી નીવડે શકે છે.

આ પેન્શનર કાર્ડથી ગુજરાતના પેન્શનરોની આગવી ઓળખ ઉભી થશે. આ કાર્ડમાં પેન્શનરનું નામ, સરનામુ, જન્મ તારીખ, પીપીઓ નંબર વગેરે વિગતો સમાવવી જોઈએ તેવું સૂચન પણ કરવામાં આવ્યું છે. પેન્શનર ઓળખ કાર્ડ માટે સરકાર સમક્ષ, પેન્શનર્સ સમાજ દ્વારા રજુઆત કરવામાં આવી છે.

## મૂડીરોકાણ થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાત કા યે ઈન્જેકશન અબ વાયબ્રન્ટ ઈન્ડિયા બનેગા. તેમનો આ ઈશારો હવે પછીની વાયબ્રન્ટ સમિટ નવી દિલ્હીમાં યોજાવાની હોવાનો અણસાર આપે છે.

સમિટના બીજા દિવસે ઉપસ્થિત રહેલા તાતાજૂથના ચેરમેન સાયરસ મિસ્ત્રીએ કહ્યું હતું કે તાતા જૂથ ગુજરાતમાં શિક્ષણ અને સ્કીલ ડેવલપમેન્ટ ઉપરાંત વિન્ડ એનર્જીના ક્ષેત્રમાં વિકાસ કરવા માગે છે.

યુએસના કાઉન્સિલ જનરલ થોમસ વાજડાએ ગુજરાતની આ ઈવેન્ટને સફળતા બદલ અભિનંદન આપ્યા હતા, જયારે કેનેડાના પેટ્રીક બ્રાઉને કહ્યું હતું કે ભારત એક લર્નિંગ હિસ્ટ્રી છે. અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણીએ તેમના ઉદ્‌બોધનમાં કહ્યું હતું કે આગામી પાંચ વર્ષમાં અદાણી જૂથ ૨૦૦૦૦ કરોડ ગુજરાતમાં મૂડીરોકાણ કરવા માગે છે. યસ બેન્કના સીઈઓ રાણા કપૂરે કહ્યું હતું કે પોઝિટીવિટીઝ, પોસિબિલિટીઝ અને પાર્ટનરશીપ એ ગુજરાતમાં છે તેથી અમે અહી રોકાણ કરીએ છીએ.

## વ્યાજબી ભાવે વિજળી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૦૨૨ સુધીમાં ૧ લાખ મેગાવોટ સૂર્ય ઉર્જા ઉત્પાદનનું લક્ષ્ય રાખ્યું છે. એમાંથી ૪૦ હજાર મેગાવોટ રૂફટોપ સોલરથી મળશે. જ્યારે ૬૦ હજાર મેગાવોટ પવન ઉર્જાથી મળશે. એમણે આ સંદર્ભમાં 'ઉન્નતચુલા અભિયાન'નો ઉલ્લેખ કરી જણાવ્યું કે આ કલીન કૂકસ્ટવ પ્રોગ્રામ બાયોગેસ આધારીત એક નવી પહેલ છે જેનાથી લાખો મહિલાઓ અને બાળકોને પરંપરાગત ઇંધણથી પણ પ્રદૂષણથી મુક્તિ મળશે.

ઉર્જા મંત્રીએ મજબૂત ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક ધરાવતી ગુજરાતની જ્યોતિગ્રામ યોજનાનો ખાસ ઉલ્લેખ કરી જણાવ્યું કે ભારત સરકારે ગુજરાત મોડેલને રાષ્ટ્રીય કક્ષાએ અપનાવવાનો નિર્ણય કરી દિનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના અને એકીકૃત ઉર્જા વિકાસ યોજના (આઈ.પી.ડી.એસ.) અમલમાં મૂકી છે અને એને માટે ૧૮ મિલિયન ડોલરની ગ્રાન્ટ ફાળવી છે.

# વાયબ્રન્ટના નામે તાયફા સામે કોંગ્રેસ દ્વારા દેખાવ

### આક્રમક ધરણાને લઈને તંગદિલી : સઘન સુરક્ષા વ્યવસ્થા રખાઈ : મૂડીરોકાણની જાહેરાતોમાં વાસ્તવિકતા ઓછી

અમદાવાદ, તા. ૧૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ આજે વાયબ્રન્ટના નામે તાયફા કરતી ગુજરાત સરકાર સામે જોરદાર દેખાવો અને ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કોંગ્રેસના તમામ વરિષ્ઠ નેતાઓ સામેલ રહ્યા હતા. દેખાવો દરમિયાન મોટી સંખ્યામાં કાર્યકરોની ધરણા સ્થળેથી અટકાયત કરવામાં આવી હતી. ગુજરાત પ્રદેશ પ્રમુખ સિધ્ધાર્થભાઈ પટેલ, કોગ્રેસપક્ષના વરિષ્ઠ નેતા બાલુભાઈ પટેલ , વી.વી.રબારી,શહેર કોગ્રેસ પ્રમુખ ચેતનભાઈ રાવ, મ્યુનિ કોગ્રેસ નેતા બદરૂદીન શેખ, પૂર્વ મેયર હિંમતસિંહ પટેલ, ધારાસભ્ય સર્વ શૈલેશભાઈ પરમાર, ગ્યાસુદીન શેખ, પૂર્વ નેતા સુરેન્દ્ર બક્ષી, મહિલા કોગ્રેસ,ના પ્રમુખ મંદાકિની બેન પટેલ યુથ કોગ્રેસ પ્રમુખ પાર્થીવરાજસિંહ કઠવાડીયા, એન.એસ. યુ.આઈ.ના પ્રમુખ ધનરાજસિંહ વાઘેલા, આગેવાનોએને મોટી સંખ્યામાં કાર્યકરો ધરણાના સ્થળેથી અટકાયત કરવામાં આવી હતી. પ્રજાને પડતી પારાવાર મુશ્કેલીઓ સામે ભાજપ સરકાર દ્વારા પ્રજાનો અંવાજ ન સાંભળવો, કાયદો-વ્યવસ્થાની કથળેલી પરિસ્થિતિ સહિતના વિવિધ મુદ્દાઓ અને ભાજપ સરકારના ઈશારે પોલીસ તંત્રની કિન્નાખોરી સામે ધારણામાં આવેલ મોટી સંખ્યામાં કાર્યકરો સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યુંહતું કે ગુજરાતમાં મુડી રોકાણના મોટા મોટા આંકડાઓની જાહેરાત તો બહુ થાય છે પણ વાસ્તવિકતા ઘણી જુદી છે રાજયમાં આર્થિક તંગીના કારણે ખેડુતોને આત્મહત્યા કરવાની ફરજ પડે છે. લાખો રોજગારીના દાવાઓ સામે લાખો શિક્ષિત બેરોજગાર વર્ષોથી નોકરી માટે રાહ જોઈ રહ્યા છે. લોકતંત્રમાં સરકાર ગમે તે પક્ષની હોય પણ પ્રજાના પ્રશ્નો સાંભળવાની ફરજ સત્તાપક્ષની હોય છે. ભાજપ સરકાર ખેડુતો, યુવાનો, વેપારીઓ, શ્રમિકો, મહિલાઓ, કર્મચારઓ સહિત અનેક વર્ગોની ફરિયાદ સાંભળવા માટે સમય ફાળવતા નથીઅને ગરીબો શ્રમિકો મહિસાઓ,કર્મચાઓ સહિત અનેક વર્ગોની ફરિયાદો સાંભળવા માટે સમય ફાળવતા નથી અને ગરીબો, શ્રમિકો, સામાન્ય વર્ગો સહિત અનેકના હક્ક-અધિકાર સરકાર છીનવી રહી છે. સચિવાલયમાં સલામતી ના નામે ખાનગી પેઢીની જેમ વહીવટી તંત્ર મનમાની કરી રહ્યું છે. લોકતંત્રંમાં પજાના અવાજને વાચા આપવા ગાંધી આશ્રમ ખાતે કોંગ્રેસ ધરણાનો કાર્યક્રમ આપ્યો હતો. બોકસ શાસનના દેવાળીયા વહિવટને લીધે ગુજરાતના નાગરિકો પર દિવસે દેવાનો વધી રહ્યો છે ત્યારે ભાજપ સરકાર ખોટા તાયફાઓ બંધ કરી પ્રજાને હકિકતોથી વાકેફ કરવીજોઈએ તેવી માંગ કરતા ગુજરાત પ્રદેશ કોગ્રોસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યુંહતું કે ગુજરાત રાજયનું જાહેર દેવુ નરેન્દ્ર મોદીં મુખ્યમંત્રી તરીકે સત્તા સંભાળી તે વર્ષ ૨૦૦૧-૨૦૦૨ માં ૪૨૭૦૦ કરોડનું હતું અને વર્ષ ૨૦૧૨-૧૩ માં આ દેવું વધીને ૧૩૬૩૭૭ કરોડ થઈ ગયુંઅનેઆજે ૨૦૧૪-૧૫માં ગુજરાત રાજયનુંજાહેર દેવું ૧૬૯૫૩૮ કરોડનું દેવું એટલે કે દેશના અગ્રીમ દેવાદાર રાજય તરીકે ગુજરાત પહોંચ્યું છે.






## ટચુકડી જાહેરખબર - બીજો પ્રયત્ન

મનોરંજન કર કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર હસ્તકની નીચેની વિગતે રદબાતલ ડીઝલ વાહનો જેવા છે તેવી હાલતમાં જાહેર હરાજી કરવાની થાય છે.

| વાહન નંબર | વાહનની વિગત | તળિયાની કિંમત | અનામત મુકવાની રકમ રૂ. |
|---|---|---|---|
| જીજે-૧૮-જી-૧૪૩૧ | કવોલિસ (ટોયેટો) (ડીઝલ) | રૂ. ૧,૪૮,૦૦૦/- | રૂ. ૧૪,૮૦૦-૦૦ |
| જીજે-૧૮-જી-૧૪૮૫ | કવોલિસ (ટોયેટો) (ડીઝલ) | રૂ. ૧,૪૭,૦૦૦/- | રૂ. ૧૪,૭૦૦-૦૦ |

ઉપરોક્ત વાહન માટે હરાજીની તા. ૨૮/૧/૨૦૧૫ના ૧૨-૦૦ કલાકના રોજ અત્રેની કચેરીમાં રાખેલ છે. હરાજીમાં ભાગ લેનાર ઈચ્છુક વ્યક્તિઓ વાહનોને મનોરંજન કર કમિશનરની કચેરી, બ્લોક નં.૬, પહેલો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના કમ્પાઉન્ડમાં જોઈ શકશે. અનામતની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ તા. ૨૭/૧/૨૦૧૫ના રોજ ૧૪-૦૦ કલાક પહેલાં મળે તે પ્રમાણે કચેરીએ મોકલવાનો રહેશે. હરાજીની શરતો અને બોલીઓ અંગે કચેરીનો સંપર્ક સાધવો.

નં.મકક/મકમ/ક્વોલીસ/રદબાતલ/હરાજી/વ/૬૩૯/૨૦૧૫
માહિતી/૨૧૭૦/૨૦૧૪-૧૫

સહી/- નાયબ કમિશનર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર